# થ્રીડી ફિલ્મ

– વિવેક ચક્રવર્તી

કપિલ ઉંદર આજે ખૂબ ખુશ હતો, કારણ કે કેટલાય દિવસ પછી આજે તે ફિલ્મ જોવા જઈ રહ્યો હતો. કપિલે ફટાફટ સાઈકલ ઉઠાવી અને થિયેટરમાં પહોંચ્યો.

‘‘ભાઈ, મને બાલ્કનીની એક ટિકિટ આપજો.’’ કપિલે ટિકિટબારી પર પહોંચીને કહ્યું તો ત્યાં બેઠેલા ઉંદરે રૂપિયા લઈને તેને ટિકિટ અને એક પ્લાસ્ટિકના ચશ્માં આપ્યા.

‘‘આ ચશ્માં શેના માટે છે ?’’ કપિલે આશ્ચર્યથી પૂછ્યું, ત્યાં સુધીમાં ટિકિટ બારી પર બેઠેલો ઉંદર અન્ય ઉંદરોને ટિકિટ આપવામાં વ્યસ્ત થઈ ગયો હતો.

હેરાન પરેશાન કપિલ ટિકિટ અને ચશ્માં લઈને અંદર પહોંચી ગયો.

‘‘કેમ ભાઈ, આ ચશ્માંનું શું કરવાનું છે ?’’ અંદર જઈને કપિલે ગેટકીપરને ટિકિટ અને ચશ્માં બતાવતાં પૂછ્યું.

‘‘આ ચશ્માંને તમે ફિલ્મ જોતી વખતે પહેરી લેજો.’’ ગેટકીપરે કહ્યું.

‘‘પણ મારી આંખો તો બરાબર છે, ભલા મારે ચશ્માં પહેરવાની શી જરૂર છે ?’’ કપિલ ઉંદરે પૂછ્યું.

‘‘તમે જે ફિલ્મ જોવા આવ્યા છો, તે થ્રીડી ફિલ્મ છે. તેને આ ચશ્માં પહેરીને ન જોઈ શકાય છે.’’ ગેટકીપરે કપિલની અણસમજ પર હસીને કહ્યું.

‘‘કમાલ છે.’’ કપિલ મનોમન બબડયો અને લાલ વાદળી રંગના કાચવાળા ચશ્માંને ફેરવી–ફેરવીને  જોઈને અંદર પહોંચીને ચશ્માં લગાવીને પોતાની સીટ પર બેસી ગયો. થોડીવાર પછી ફિલ્મ શરૂ થઈ ગઈ.

‘વાહ, આ ફિલ્મ તો ખૂબ જુદા પ્રકારની લાગે છે. આ ફિલ્મ ઘટનાઓ તો એવી લાગે છે જાણે આપણી નજરની સામે જ બની રહી હોય.’ કપિલે ફિલ્મ જોતાં વિચાર્યું.

ફિલ્મ ચાલતી હતી અને બધા ફિલ્મનો આનંદ ઉઠાવી રહ્યા હતા. એક દૃશ્યમાં બિલાડીએ સ્ક્રીન બાજુ જોઈને ઝડપથી છલાંગ મારી તો કપિલની જોરદાર ચીસ નીકળી ગઈ.

‘‘ભાગો, અહીં બિલાડી આવી.’’ કપિલ ગભરાઈને ચીસ પાડી ઉઠયો, તો થિયેટર હોલમાં હાજર બધા ઉંદરોમાં દહેશત ફેલાઈ ગઈ.

ફિલ્મ અટકાવી દેવામાં આવી અને ગાર્ડ્સ દોડીને અંદર આવી ગયા.



''ક્યાં છે, બિલાડી ?'' એક ગાર્ડે ચારેબાજુ જોઈને પૂછ્યું.

''હમણાં તો મારી બાજુ જ આવી હતી, ખબર નહીં ક્યાં ગઈ?'' કપિલે ધ્રૂજતાં–ધ્રૂજતાં કહ્યું, ''મને તો લાગે છે કે આમણે સ્ક્રીન પર છલાંગ મારતી બિલાડીને જ સાચી બિલાડી સમજી લીધી.'' કપિલની બાજુની સીટ પર બેઠો અમર ઉંદર બોલ્યો.

''પણ તે ખરેખર બિલાડી જ હતી, ભલા સ્ક્રીન પરની બિલાડી મને મારી નજર સામે જ કેવી રીતે દેખાઈ શકે ? કપિલે ચિડાઈને કહ્યું, તો ત્યાં હાજર બધાં હસવા લાગ્યાં.

''અરે ભાઈ, આ જ તો થ્રીડી ફિલ્મની ખાસિયત છે કે આમાં પાત્ર એકદમ સામે અને ખૂબ નજીક દેખાય છે.'' અમરે હસતાં હસતાં કહ્યું.

''એવું કેવી રીતે બની શકે ? બિલાડી પડદામાંથી બહાર આવતી કેવી રીતે દેખાય ?'' કપિલે નવાઈ પામતાં પૂછ્યું.

''આ જ તો થ્રીડી ટેક્નિકની કમાલ છે કે આમાં આપણને ફિલ્મમાં બનતી તમામ ઘટનાઓ બિલકુલ સામે થતી દેખાય છે.'' થિયેટરના ટિકિટચેકર ચતુર ઉંદરે કપિલની નાદાની પર હસતાં કહ્યું, ''મને શી ખબર, હું તો પહેલી વખત થ્રીડી ફિલ્મ જોવા આવ્યો છું.'' કપિલે શરમાવતાં કહ્યું, ''એટલે તો આ ભાઈ બિલાડીને પડદા પર જોઈને ગભરાઈ ગયા.'' એક ઉંદરે કપિલને ચિડવતાં કહ્યું,''થ્રીડી ફિલ્મોમાં દૃશ્ય પડદામાંથી બહાર આવતાં કેમ દેખાય છે?'' કપિલે જાણવા માટે પૂછ્યું.

''સામાન્ય અવસ્થામાં આપણી બંને આંખો દરેક વસ્તુને એક જ કોણથી જુએ છે, પરંતુ જ્યારે બંને આંખો વસ્તુઓને એક જ સમયમાં અલગ અલગ કોણોથી જુએ તો તે વસ્તુ આપણને એકદમ સામે દેખાય છે.''

''પણ આવું કેમ થાય છે?'' કપિલે ફરી સવાલ કર્યો.

''આના માટે વિશેષ પ્રોજેક્શન હાર્ડવેર અથવા થ્રીડી ચશ્માંની જરૂર પડે છે.'' અમરે સમજાવતાં કહ્યું.

''ઓહ ! હવે સમજાયું કે ટિકિટબારી પર મને આ રંગીન ચશ્માં કેમ આપવામાં આવ્યા. પહેલા તો મેં વિચાર્યું કે ટિકિટ આપનારે મારી આંખોને કમજોર સમજીને મને આ ચશ્માં આપ્યા છે.'' કપિલે કહ્યું તો એક વાર ફરી બધાં હસી પડયાં.

''જોકે આ ચશ્માંના બંને લાલ અને વાદળી રંગના કેમ છે ? એક જ રંગના કેમ નથી ?'' ચૂંચૂં ઉંદરે ચશ્માં હાથમાં લઈને પૂછ્યું.

''ચશ્માંના ગ્લાસ અલગઅલગ રંગોના એટલા માટે હોય છે, જેથી બંને આંખો દ્વારા વસ્તુના જુદાંજુદાં ચિત્ર સ્પષ્ટ રૂપે મસ્તિષ્ક સુધી પહોંચે અને તે વસ્તુને સરળતાથી થ્રીડીના ચિત્ર રૂપે જોઈ શકાય.

''શું થ્રીડી ચશ્માંના ગ્લાસ કાયમ લાલ અને વાદળી રંગના જ હોય છે ?''

''ના, એ જરૂરી નથી. મોટા ભાગે તે લાલ અને વાદળી રંગના હોય છે, પરંતુ તે લાલ, લીલા વગેરે રંગના પણ હોય છે.'' અમરે જવાબ આપ્યો.

''આમ તો થ્રીડી લાઈનર પોલોરાઈઝડ ચશ્માંમાં ગ્લાસ એક જ રંગના, પરંતુ અલગઅલગ એન્ગલથી વળેલા હોય છે.'' ચતુરે જણાવ્યું.

''તમને ખબર છે કે સજીવ થ્રીડી ફિલ્મ બનાવવા માટે બે કેમેરાને પરસ્પર એવી રીતે જોડવામાં આવે છે કે તેમના લેન્સ વચ્ચેનું અંતર આપણી બંને આંખો વચ્ચેના અંતર જેટલું જ હોય છે.''

''પછી જોતી વખતે તે આપણને થ્રીડીના રૂપે દેખાય છે.'' ચતુરે અમરની વાત પૂરી કરતાં કહ્યું.

એટલામાં ફરીથી ફિલ્મ દર્શાવવામાં આવી, તો બધાં પોતપોતાની સીટ પર ગોઠવાઈ ગયાં અને આગળની ફિલ્મ જોવા લાગ્યાં.

■